રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓ માટેનું કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક:- પરચ/૨૦૧૮/૬૧/ખ-૧
સચિવાલય,ગાંધીનગર
તા.૦૬/૦૬/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) માન.મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યની અધ્યક્ષતામાં તા.૨૭/૦૪/૨૦૧૮ના રોજ મળેલી કુલપતિશ્રીઓ સાથેની બેઠકની કાર્યવાહી નોંધ.

(૨) શિ.વિના સરખા ક્રમાંકના તા.૦૨/૦૬/૨૦૧૮નો ઠરાવ

ઠરાવ:-

ગુજરાત રાજ્યની શિક્ષણ વિભાગ સરખા ક્રમાંકના તા.૦૨/૦૬/૨૦૧૮ના ઠરાવથી રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓ માટેનું કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરવામાં આવેલ હતું તેમાં આંશિક ફેરફાર સાથે હવે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માટે અમલમાં રહેશે. સુધારેલ એકેડેમિક કેલેન્ડર હવે નીચે મુજબ દર્શાવેલ કોષ્ઠક પ્રમાણે અમલમાં લાવવાનું ઠરાવવામાં આવે છે. બાકીની બાબતો તા.૦૨-૦૬-૨૦૧૮ ના ઠરાવ પ્રમાણે યથાવત રહે છે.

**શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓ માટેનું કોમન એકેડેમિક કેલેન્ડર**

| ક્રમ | કાર્યવાહી | દર્શાવેલ સમયગાળામાં અનુસરવાની કાર્યવાહી |
|---|---|---|
| ૧ | પ્રવેશ પ્રક્રિયા | ધોરણ-૧૨ની પરીક્ષાના પરિણામ જાહેર થયાના ૧૫ દિવસમાં પ્રક્રિયા પૂર્ણ કરવી. મહત્તમ તા.૧૫ જૂન સુધીમાં પૂર્ણ કરવી. |
| ૨ | પ્રથમ સત્ર (૯૫ શૈક્ષણિક દિવસો પરીક્ષા સમય સિવાય) | તા.૧૨-૬-૨૦૧૮ થી તા.૪-૧૧-૨૦૧૮ |
| ૩ | કોલેજની આંતરિક પરીક્ષા | આંતરિક મુલ્યાંકન/પરીક્ષાઓ સતત મુલ્યાંકન જેમ કે વીકલી ટેસ્ટ, પ્રોજેક્ટ વર્ક, ગ્રુપ ચર્ચા વગેરેથી લેવી. તા.૧૫-૧૦-૨૦૧૮ સુધીમાં કોલેજોએ કાર્યવાહી પૂર્ણ કરવી. |
| ૪ | નવરાત્રી વેકેશન (૭ દિવસ) | તા.૧૫-૧૦-૨૦૧૮ થી તા.૨૧-૧૦-૨૦૧૮ |

| | | |
|---|---|---|
| ૫ | યુનિવર્સિટીની પરીક્ષા<br>(૨૦ દિવસ) | • સેમ-૧, ૩ અને ૫ ની યુનિવર્સિટી કક્ષાની પરીક્ષા તા.૨૨-૧૦-૨૦૧૮ થી તા.૩૧-૧૦-૨૦૧૮<br>• સેમ-૨, ૪ અને ૬ ના વિષયોની યુનિવર્સિટી કક્ષાની પરીક્ષા તા.૨૮-૧૧-૨૦૧૮ થી તા.૦૭-૧૨-૨૦૧૮ |
| ૬ | દિવાળી વેકેશન (૧૪ દિવસ) | તા.૦૫-૧૧-૨૦૧૮ થી તા.૧૮-૧૧-૨૦૧૮ |
| ૭ | દ્વિતીય સત્ર (૧૦૨ શૈક્ષણિક દિવસો પરીક્ષા સમય સિવાય) | તા.૨૬-૧૧-૨૦૧૮ થી તા.૨૪-૪-૨૦૧૯ |
| ૮ | યુનિવર્સિટીની પરીક્ષા<br>(૨૦ દિવસ) | • સેમ-૧, ૩ અને ૫ ના વિષયોની યુનિવર્સિટી કક્ષાની પરીક્ષા તા.૦૫-૦૩-૨૦૧૯ થી તા.૧૪-૦૩-૨૦૧૯<br>• સેમ-૨, ૪ અને ૬ ની યુનિવર્સિટી કક્ષાની પરીક્ષા તા.૧૯-૦૩-૨૦૧૯ થી તા.૨૮-૦૩-૨૦૧૯ |
| ૯ | ઉનાળુ વેકેશન (૪૯ દિવસો) | તા.૨૪-૦૪-૨૦૧૯ થી તા.૧૧-૦૬-૨૦૧૯ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અશોકસિંહ પરમાર)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ઉ.અને ટે.શિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉ. અને ટે.શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- ગવર્નીંગ કાઉન્સિલ અને એક્ઝીક્યુટીવ કમિટીમાં નવનિયુક્ત થયેલ સભ્યશ્રીઓ (ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓના વડાશ્રીઓ (ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- ઉચ્ચ શિક્ષણ કચેરીના તાબા હેઠળની સર્વે સરકારી કોલેજો (ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- ટેકનીકલ શિક્ષણની કચેરીના તાબા હેઠળની સર્વે સરકારી કોલેજો (ટેકનીકલ શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલ-૨ (પે એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિયામકશ્રી હિસાબ અને તિજોરી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ.